# ડાંગર સંશોધન કેન્દ્ર, ડભોઇ દ્વારા એક દિવસીય તાલીમ યોજવામાં આવી

ડાંગર સંશોધન કેન્દ્ર, મોડલ ફાર્મ-ડભોઇ ખાતે કાર્યરત સરદાર સરોવર પ્રોજેક્ટ અંતર્ગત તા: ૨૩/૦૮/૨૦૨૨ના મંગળવારને રોજ “ડાંગર પાકમાં લીફ કલર ચાર્ટનો ઉપયોગ અને તેની અગત્યતા” વિષય પર એક દિવસીય તાલીમનું આયોજન બોડેલી તાલુકાના કદવાલીયા ગામ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં ૨૯ જેટલા ખેડૂતમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ખેડૂતભાઇઓનું શાબ્દિક સ્વાગત કરી ખેતી અધિકારી, શ્રી ડી. કે. રાઠવા સાહેબે ડાંગરની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી વધુમાં સાહેબશ્રીએ ડાંગરની ખેતીમાં પ્રમાણિત બીજ વાપરવાનો આગ્રહ કર્યો અને તેથી કેન્દ્ર ખાતેથી આગામી સિઝનમાં બિયારણની ઓન લાઇન નોંધણી કરી સમયસર બીજ મેળવી લેવા ખેડૂતભાઇને વિનંતી કરી.

સિનીયર રિસર્ચ ફેલો, ડૉ. વિપુલ પટેલ સાહેબે ડાંગર પાકમાં લીફ કલર ચાર્ટના ઉપયોગથી નાઇટ્રોજન વ્યવસ્થાપન વિશે ખેડૂતમિત્રોને માહિતગાર કર્યા હતા.

ખેડૂતભાઇઓને ડાંગર વિશે વધુ માહિતી મળે તે અર્થાતે ડાંગરની નવી જાત જી. આર. ૨૧ (વાત્રક) અને લીફ કલર ચાર્ટ દ્વારા ડાંગર પાકમાં નાઇટ્રોજન વ્યવસ્થાપન વિષયના ફોલ્ડરની વહેંચણી કરી હતી. સાથો સાથ ખેતી વિષયક મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરીને સૌ છૂટા પડ્યા હતા.







